ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સુપ્રિમ ફરી એકવાર સર્વોચ્ચ સાબિત થઈ

**કર્ણાટકના નાટકમાં આખરે સર્વોચ્ચ અદાલતનો રોલ દમદાર સાબિત થયો : રાહુલ ગાંધીની આક્રમકતા વધી : મોદી-શાહની જોડીને તેમના જ દાવથી મહાત**

ગાંધીનગર, તા. ૧૯

કર્ણાટકમાં આખરે નાટકનો અંત આવ્યો. યેદુરપ્પાએ બે દિવસના સીએમ પદેથી રાજીનામુ આપવુ પડ્યુ. મોદી-અમિત શાહના રાજકીય દાવપેચો ઢીલા પડ્યા અને રાહુલ ગાંધી વધુ આક્રમક બન્યા. જો કે આ બધી જ ગતિવિધિઓમાં સુપ્રિમ કોર્ટ ખરા અર્થમાં નાયકનો રોલ ભજવ્યો. બંધારણના રક્ષક તરીકેની

**સમયસર**

સુપ્રિમ કોર્ટની જવાબદારી સુપેરે નિભાવી સુપ્રિમે તેની સર્વોચ્ચતા ફરી સાબિત કરી દીધી છે.

કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાએ ૧૦૪નુ સંખ્યાબળ ધરાવનારા ભાજપ અને યેદુરપ્પાને સરકાર રચવાનુ આમંત્રણ આપ્યું ત્યારે એમ લાગતું હતુ કે 'સસ્પેન્સ' ખતમ થઈ ગયુ અને બધું થાળે પડી ગયુ. પરંતુ બુધવારે રાત્રે તેમાં અનેક ટિવસ્ટ અને ટર્ન્સ' આવ્યા. સુપ્રિમ કોર્ટે રાજ્યપાલ વજુભાઈ વાળાની કડક શબ્દોમાં ઝાટકણી કાઢી અને યેદુરપ્પાને ૧૫ દિવસના બદલે એક જ દિવસમાં બહુમત સાબિત કરવા કહ્યું. ધારાસભ્યોને પોતાની સાથે જોડવાનો સમય ન રહેતા આખરે યેદુરપ્પાએ રાજીનામુ આપવુ પડ્યું. મોદી-શાહના અનેક પ્રયાસો બાદ પણ કોંગ્રેસે ફરી ભૂલ ન કરી અને ધારાસભ્યોને પોતાના પક્ષે રાખી શક્યા. આ તમામ ઘટનાઓનું પ્રત્યકરણ દરેકે જુદુ જુદુ કર્યુ. કોઈએ ભાજપની તરફેણ કરી તો કોઈકે કોંગ્રેસની રણનીતિના વખાણ કર્યા પરંતુ આ બધામાં સુપ્રિમ કોર્ટે ફરી તેની સુપ્રિમ ઓથોરીટિ દર્શાવી.

ભારતમાં લોકશાહી છે. સત્તા સ્થાને બેઠેલી પાર્ટી તેમના ધાર્યા મુજબના નિર્ણયો લઈ તેને જનતા પર થોપી ન શકે તે માટે બંધારણે લોકશાહીના રક્ષણની જવાબદારી સુપ્રિમ કોર્ટને સોંપી છે. સર્વોચ્ચ અદાલતે તેની આ ભૂમિકા સુપેરે નિભાવી છે તેવુ તેણે આપેલા છેલ્લા કેટલાક ચુકાદાઓમાં સ્પષ્ટ પણે જણાઈ આવે છે. સુપ્રિમ કોર્ટે જે તે બનાવો વખતે કરેલી વેધક ટીપ્પણીઓએ પણ ખાસ્સી ચર્ચા જગાવી છે. સુપ્રિમનુ વલણ આકરૂ બનતુ જાય છે. કોઈ બનાવ વખતે પગલાં લેવામાં જો કોઈ તંત્ર કે સરકાર જરાય પાછી પડે કે ઢીલ દાખવે તો સુપ્રિમ કોર્ટ રીતસરનો ઉધડો લઈ નાંખે છે તે અવારનવાર જોવા મળ્યુ છે. સુપ્રિમ કોર્ટે તેની મર્યાદામાં રહીને એવા અનેક ચુકાદા આપ્યા છે, એવી અનેક ટીપ્પણીઓ કરી છે જેણે લોકતંત્રની લાજ રાખી છે. સુપ્રિમ કોર્ટે દેશને તાનાશાહીથી દૂર રાખ્યુ છે.

છેલ્લા કેટલાક સમયમાં રાજકારણમાં જે પ્રકારના કાવાદાવા ખેલાઈ રહ્યા છે તેમાં સુપ્રિમ કોર્ટે હસ્તક્ષેપ કરી બંધારણની રક્ષાની જવાબદારી પૂર્ણપણે નિભાવી છે તેમાં કોઈ બેમત નથી.




કોંગ્રેસ ગેલમાં... - કર્ણાટકમાં માત્ર ૫૫ કલાકમાં ભાજપના મુખ્યમંત્રી યેદીયુરપ્પાને રાજીનામુ આપવાની સ્થિતિ નિર્માણ થતાં અને કોંગ્રેસ-જેડીએસ ગઠબંધન અકબંધ રહેતા કોંગ્રેસી કાર્યકરોએ ઉત્સાહમાં આવી ઉજવણી કરી હતી... શહેર - જિલ્લાના કાર્યકરોએ આતશબાજી કરી હતી અને ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરી વાતવરણ ગજવ્યું હતું.... લોકશાહીના વિજયને બિરદાવતા સૂત્રોના પ્લેકાર્ડ પણ જોવા મળતા હતા....

# પંચાયત નજીકની આતશબાજીમાં કર્મચારીની કારનો કાચ તુટી ગયો

**કોંગી નેતાઓએ વાત કાને ના ધરતાં કર્મચારીઓ નિરાશ**

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે કર્ણાટકમાં યેદી સરકારના પતનની ખુશી વ્યકત કરતાં કોંગ્રેસે કરેલી આતશબાજીમાં એક કર્મચારીની કારનો ગ્લાસ તુટી જવા પામ્યો હતો.

સાંજે ૫.૦૦ વાગે આતશબાજીનો કાર્યક્રમ પંચાયતના ચૂંટાયેલા સદસ્યોએ રાખ્યો હતો. જેમાં આતશબાજી દરમિયાન શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારી ચાવડાની ગાડીનો મેઈન ગ્લાસ તુટી જવા પામ્યો હતો. કર્મચારી આગેવાનોએ આ મુદ્દે કોંગ્રેસના પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનોને રજુઆત કરી હતી પણ કોઈએ તેમની વાત કાને ના ધરતાં કર્મચારી આલમમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે અને કર્મચારીઓ નિરાશ થઈ ગયા હતા.

જિલ્લા પંચાયત ખાતે યુથ કોંગ્રેસની કારોબારી બેઠકમાં હાજરી આપવા આવેલા કોંગ્રેસના આગેવાનોએ વાત કાને ના ધરતાં કર્મચારીને રૂ. ૫ હજારનું નુકશાન થવા પામ્યું છે. યુથ કોંગ્રેસના કાર્યકરોએ પણ જિલ્લા પંચાયત નજીક આતશબાજી કરી હતી. આમ એક જ હેતુસર કોંગ્રેસ દ્વારા બે વાર આતશબાજી કરવામાં આવી હતી.

આ પછી સાંજે કોંગ્રેસ કાર્યાલય ખાતે પણ આતશબાજી કરવામાં આવી હતી.

# જુના સેકટરોમાં માર્ગોની દશા સુધારવા માટેની દરખાસ્ત હજુ પણ અદ્ધરતાલ

**નવા સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ પુર્ણ થયા બાદ સે-૬ થી ૮ માં પણ ચોમાસાના અંતે કામ હાથ ધરાશે : જુના સેકટરોમાં હજુ પણ રસ્તાના કામોનુ ઠેકાણુ પડયુ નથી**

ગાંધીનગર તા ૧૯

શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે સે- ૬ થી ૮ માં પણ આગામી ચોમાસાના અંતે કામગીરી હાથ ધરાશે. ત્યારે શહેરના જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે તંત્ર કક્ષાએથી વિભાગને મોકલવામાં આવેલી દરખાસ્ત હજુ પણ પેન્ડીંગ છે. જુના સેકટરોમાં સરકારી વસાહતમાં લાંબા સમયથી માર્ગોનુ કામ હાથ ધરવા માંગ ઉઠવા પામી છે. ત્યારે જુના સે -૨૦ થી ૩૦ માં ત્વરિત કામ હાથ ધરવા માટે દરખાસ્તને ત્વરિત મંજુરી આપવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં માર્ગ નવિનીકરણી કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ નવા સેકટરોના આંતરિક માર્ગોને ચકાચક બનાવવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે સે- ૬ થી ૮ ના માર્ગોની દશા સુધારવા પણ આગામી ચોમાસાના અંતે કામગીરી હાથ ધરાશે. પરંતુ શહેરના જુના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણા અન્વયેની દરખાસ્તને હજુ મંજુરી આપવામાં આવી નથી. જેના લીધે જુના સેકટરોના માર્ગોનુ

● અનુસંધાન પાન-૭ પર

# માણસા અને કલોલ તા.પં.ના પ્રમુખપદ માટે પણ મહિલા બેઠક

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખના રોટેશન બાદ આજે તાલુકા પંચાયતના પ્રમુખોની મુદત પુરી થવામાં હોઈ તે અંગેનું રોટેશન પણ આદેશ દ્વારા જારી કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં કલોલ અને માણસામાં મહિલા સામાન્ય માટે તાલુકા પંચાયતનું પ્રમુખ પદ અનામત કરવામાં આવ્યું છે.

હાલ ગાંધીનગર તા.પં.માં મહિલા પ્રમુખ છે. દહેગામ માટે પણ પ્રમુખ પદ સામાન્ય નિયત કરાયું છે તો કલોલ અને માણસામાં પણ મહિલા સામાન્ય માટે પ્રમુખપદ નિયત કરાયું છે. જિલ્લા પંચાયતનું પ્રમુખ પદ મહિલાને મળવાની સાથે હવે તાલુકા પંચાયતોમાં ત્રણ મહિલા પ્રમુખો થશે. માણસા અને કલોલના પ્રમુખોની મુદત પણ ૨૧મી જુનના રોજ પૂર્ણ થઈ રહી છે જે ઉલ્લેખનીય છે.

# સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે એજન્સીને જવાબદારી સોપાઈ

ગાંધીનગર તા ૧૯

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે તંત્ર દ્વારા એજન્સીને કામ સોંપી દેવામાં આવ્યુ છે. સ્વર્ણિમ પાર્કની હરિયાળી તેમજ સુંદરતા બરકરાર રાખવા માટે એક વર્ષ સુધી એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છે. પાર્કની જાળવણી પાછળ રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં મહાત્મા મંદિર થી વિધાનસભાને જોડતા સ્વર્ણિમ પાર્કનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં આ પાર્કમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ ટહેલતા જોવા મળી રહયા છે. જયારે વિશાળ કાય પાર્કની માવજત કરવાનુ કામ પણ મુશ્કેલ છે. ત્યારે તંત્ર દ્વારા પ્રતિવર્ષ આ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી સ્વર્ણિમ પાર્કની જાળવણીનુ કામ સોંપી દેવામાં આવે છે. પાર્કમાં હરિયાળી લોન વચ્ચે રંગબેરંગી રોપાઓ ઉપરાંત, વોક વે, વોટર બોડી સીટીંગ અમ્બ્રેલા ,કસરતના સાધનો ટોઈલેટ બ્લોક સહીત અનેક આકર્ષણો છે. જયારે આ પાર્કમાં સ્થાનિકો ઉપરાંત અમદાવાદીઓ પણ વિશેષ મુલાકાત લે છે. ત્યારે ગરમીના દિવસોમાં પાર્કમાં આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ રહે છે. સ્વર્ણિમ પાર્કમાં આવતા

● અનુસંધાન પાન-૭ પર

# સામાજિક અગ્રણી સુકેતુ મહેતાના માતૃશ્રીનુ અવસાન

**સદ્‌ગતની અંતિમયાત્રા સોમવારે સવારે ૮ કલાકે તેમના નિવાસસ્થાનેથી નિકળશે**

ગાંધીનગર તા ૧૯

શહેરના જાણીતા સામાજિક અગ્રણી અને રકતદાતા સુકેતુ મહેતાના માતૃશ્રી પદમાબેન મહેતાનુ દુખદ અવસાન થયુ છે. ૮૬ વર્ષની જૈફ વયે તેમનુ અવસાન થતા સદગતની અંતિમયાત્રા તા ૨૧ મેં ના રોજ સોમવારે સવારે ૮ કલાકે તેમના નિવાસ સ્થાન પ્લોટ નં - ૯૭ : ૧ સે-૧૪ ખાતેથી નિકળશે. અચાનક જ હ્દયરોગના હુમલાથી પદમાબેનનુ અવસાન થતા તેમના પુત્ર સુકેતુ મહેતા તેમજ નિપુલ મહેતા અને રાજુલ મહેતા સહીત પરિવારજનોમાં ઘેરા શોક અને દુખની લાગણી વ્યાપી છે.

## બેસણું



અમારા ભાઈ **હરેશસિંહ શંકરસિંહ પરમાર**નું તા. ૧૮/૫/૨૦૧૮ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૨૧/૫/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૯.૦૦થી ૧૨.૦૦ કલાકે** નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** બી-૪૦૭, નિલકંઠ વિલા સોસાયટી, જીઈબી રોડ, પેથાપુર, તા.જી. ગાંધીનગર, મો. ૯૦૯૯૯૨૧૫૪૫

લી.

**અજયસિંહ શંકરસિંહ પરમાર**

**તથા સમગ્ર સ્વ. શંકરસિંહ દોલતસિંહ પરિવાર**

# શહેરના જાણીતા બિલ્ડર ભરત પટેલ(દાઢી)ના પિતાનુ અવસાન

ગાંધીનગર તા ૧૯

શહેરના જાણીતા બિલ્ડર અને હાલ અમેરિકા સ્થિત યોગેન્દ્રભાઈ હરજીવન પટેલ (ભરત દાઢી) તેમજ શહેરમાં વસવાટ કરતા અરૂણ પટેલના પિતા હરજીવન ટી પટેલનુ દુઃખદ અવસાન થયુ છે. હરજીવનભાઈ શેઠ એમ પી મ્યુનિ હાઈસ્કુલમાં આચાર્ય તરીકે ઉમદા ફરજ બજાવી નિવૃત થયા હતા. તેમનુ અવસાન થતા સમાજ તેમજ પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી છે. સદગતની અંતિમયાત્રા તા ૨૦ મેં ના રોજ સવારે ૯ :૩૦ કલાકે ૫ શિલ્પ સોસાયટી રત્નાકર રોડ કપડવંજ ખાતેથી નિકળશે.

# ગાંધીનગર આરટીઓ કચેરીએ ૧૦ વાહનચાલકોના લાયસન્સ જમા લીધા

**અન્ય ૨૦ વાહનચાલકોને ફરી નોટીસ અપાશે : લાયસન્સ રદ કરવા અંગે સોમવારે નિર્ણય લેવાશે**

ગાંધીનગર તા ૧૯

ટ્રાફિક નિયમનના ભંગ બદલ આર ટી ઓ કચેરી દ્વારા શહેરના ૩૦ જેટલા વાહનચાલકોના લાયસન્સ રદ કરવા માટે નોટીસ આપવામાં આવી હતી. જયારે આ વાહનચાલકોને આજે આર ટી ઓ કચેરી બોલાવી સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન હાજર ૧૦ જેટલા વાહનચાલકોનુ લાયસન્સ જમા લેવાયુ હતુ જયારે ગેરહાજર વાહનચાલકોને નોટીસ મોકલવાનો નિર્ણય લેવાયો હતો.

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનના નામે મીંડુ સર્જાયુ છે. ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ દોડતા વાહનો ગમે ત્યારે માર્ગ સલામતી જોખમમાં મુકાય છે. માર્ગો પર ટ્રાફિક નિયમનનો ભંગ કરી દોડતા વાહનોના ચાલકોને પોલીસ તંત્ર દ્વારા ઈ મેમો આપવામાં આવ્યો છે. જયારે વધુ ગુન્હાઓનો ભંગ કરનારા ૩૦ જેટલા વાહનચાલકોને આર ટી ઓ કચેરી દ્વારા લાયસન્સ રદ કરવાની નોટીસ અગાઉ




આપવામાં આવી હતી. જેના અનુસંધાને આજે આર ટી ઓ કચેરીમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૧૦ જેટલા વાહનચાલકો હાજર રહયા હતા. આર ટી ઓ તંત્ર દ્વારા આ વાહનચાલકોનુ લાયસન્સ જમા લેવાયુ હતુ. જયારે આ સુનાવણી દરમિયાન આજે હાજર ન રહેનારા ૨૦ જેટલા વાહનચાલકોને ફરી એકવાર નોટીસ આપવામાં આવી હતી. જયારે આ મામલે વાહનચાલકોના લાયસન્સ કેટલા સમય સુધી રદ કરવા તે અંગે સોમવારે નિર્ણય લેવાનુ પણ નક્કી કરવામાં આવ્યુ હતુ. શહેરમાં માર્ગ સલામતી જોખમમાં મુકાતી જાય છે. ત્યારે વધતા જતા અકસ્માતો વચ્ચે પૈડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. ત્યારે આર ટી ઓ કચેરીમાં નવા આશિષ્ટન્ટ ઈન્સપેકટરોની ભરતી થતા આગામી દિવસોમાં વાહનચેકીંગ સહીત ટ્રાફિક નિયમન અંગેની કામગીરી વધુ સઘન બનશે.

# તાપમાનમાં આંશિક ઘટાડો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સહિત રાજ્યયભરમાં ગરમીના પ્રમાણમાં આજે આંશિક રીતે ઘટાડો થયો હતો. ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જોકે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારનો દોર જારી રહ્યો છે. આ સ્થિતિ હાલ યથાવત રહે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છમાં આગામી બે દિવસ દરમ્યાન પારો ૪૧ થી ૪૪ ડિગ્રીની વચ્ચે રહી શકે છે. બીજી બાજુ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફારની શક્યતા દેખાઈ રહી નથી. આજે રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ ખાતે થયો હતો. જ્યાં પારો ૪૩.૭ રહ્યો હતો. આજે પણ ઘણા ભાગોમાં પારો ૪૩ થી ઉપર રહ્યો હતો.

તંત્ર તરફથી પણ બિનજરૂરી રીતે લોકોને બહાર ન નિકળવા માટે સૂચના આપી દેવામાં આવી છે. તીવ્ર ગરમી વચ્ચે સાવચેતી રાખવા જરૂરિયાત દેખાઈ રહી છે. તાપમાનમાં આંશિક ઘટાડો થયો હોવા છતાં ગાંધીનગરમાં આજે બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું.

**તબીબી અધિક્ષકની કચેરી**

**જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ, ગાંધીનગર**

Email : aha.gmers.gandhinagar@gmail.com

Websitev : www.gmersmchgandhinagar.com

ફોન : ૦૭૯-૨૩૨૨૧૯૩૧/૩૨, ૨૩૨૨૦૮૨૦/૨૧/૨૨

**વયસ્ક વ્યક્તિની તબીબી સેવા અર્થે ગૃહ મુલાકાત યોજના અંતર્ગત અરજી મંગાવવાની જાહેરાત**

વયસ્કોને સમયાંતરે તબીબી તપાસણી તેમના ઘર આંગણે થઈ રહે તે માટે વર્ષ ૨૦૧૮-૧૯થી પ્રાયોગિક ધોરણે ચેરીટીના હેતુથી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે.

આ યોજનાનો લાભ ૭૦ વર્ષ કે તેથી વયના નોંધણી કરાવવા ઈચ્છતા વયસ્કો / તેમના પાલકોએ નિયત નમૂનામાં અરજી કરી. વાર્ષિક રૂ. ૧૦૦૦/- ટોકન ફી સાથે, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન વખતે નિયત નમૂનામાં અરજી સાથે ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો અને ઉંમરના દાખલાની સ્વપ્રમાણિત નકલ પુરી પાડવાની રહેશે. રજીસ્ટર્ડ થયેલા વયસ્કોને તેમના ઘરે દર ૧૫ દિવસે ડૉક્ટર સ્વાસ્થ્યને લગતી પ્રાથમિક તપાસણી કરશે.

રજીસ્ટર્ડ થયેલા વયસ્કોને, આકસ્મિક સંજોગોમાં, જ્યારે જરૂર પડે, ત્યારે ગૃહ મુલાકાત લઈ, સારવાર માટે માર્ગદર્શન આપશે તથા જરૂર જણાયે નિદાન માટે સેમ્પલ એકઠા કરશે. આ પ્રકારની ગૃહ મુલાકાત દીઠ રૂ. ૨૦૦/- ટોકન ચાર્જ લેવામાં આવશે.

નિયન નમુનાની અરજી www.gmersmchgandhinagar.com વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

**તબીબી અધિક્ષક**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com